# પ્રાયમરી માર્કેટમાં તેજીનો ધમધમાટ : થાયોકેર ટેકનોના ઈસ્યુ ૭૩.૩૭ ગણો છલકાઈ તાજેતરનો નવો રેકોર્ડ સર્જયો : તમામ કેટેગરીમાં આ ઈસ્યુમાં જંગી પ્રતિસાદ : ૪ મેના રોજ બંધ થનારા ઉજ્જિવન ફાઈનાન્સિયલ લિ.ના ઈસ્યુને પણ જંગી પ્રતિસાદ મળવાની વકી : આગામી દિવસોમાં મૂડીબજારમાં પ્રવેશી રહેલા પરાગ મિલ્કના ઈસ્યુમાં પણ જોરદાર ફેન્સી રહેવાની શકયતા

હાલ ફન્ડામેન્ટલી અને ઉંચી ગુણવત્તાવાળા ઈસ્યુઓના આગમન બાદ હવે વહેતી ગંગામાં હાથ ધોવા ચીલાચાલુ ઈસ્યુઓની એન્ટ્રી થવાની વકી તેમજ કબાડી ઓપરેટરો ફરીથી કૃત્રિમ તેજી કરી આંબલી-પીપળી બતાવવા સક્રિય થવાની સંભળાતી વાતો

નવા નાણાંકીય વર્ષના આરંભથી પ્રાયમરી માર્કેટમાં ધમધમાટ તેજી પ્રસરી રહી છે અને મૂડીબજારમાં પ્રવેશી રહેલા ઈસ્યુઓને રોકાણકારાએ અનેકગણા છલકાઈ રહ્યા છે. ગ્રે માર્કેટમાં થઈ રહેલા ધૂમ કામકાજે રોકાણકારો ફરી ઉત્તેજિત બનીને મોટા પાયે રોકાણ કરી રહ્યા છે જેના પગલે ગત સપ્તાહે મૂડીબજારમાં પ્રવેશેલા થાયોકેરના ટેકનોનો ઈસ્યુ ૭૩ ગણો વિક્રમી ભરણાંએ પ્રાયમરી માર્કેટમાં તરખાટ મચાવી રહ્યો છે. બ્લુચીપના ગત અંકમાં આ ઈસ્યુ ભરવાના સંકેત આપ્યા હતા અને ઈસ્યુ પાંચ ગણો ભરાશે તેવા નિર્દેશો સાથે રીટેલમાં ઈસ્યુ ૭ ગણાથી વધુ ભરાયો છે. છેલ્લે મળતા આંકડા મુજબ આ ઈસ્યુ ૭૭.૩૭ ગણો અસાધારણ ભરાયો છે. ક્યુઆઈસીમાં ૭૩.૧૮ ગણો, એચએનઆઈમાં ૨૨૫ ગણો અને રીટેલમાં ૮.૧૩ ગણો ઈસ્યુ ભરાયો છે. તાજેતરમાં મૂડીબજારમાં પ્રવશેલા ઈક્વિટાસ હોલ્ડીગના ઈસ્યુને મળેલ ભારે પ્રતિસાદ સાંપડયા બાદ હાલમાં પ્રવેશેલા ઉજ્જિવન ફાઈનાન્સિયલ લિ.ના ઈસ્યુમાં ભારે ફેન્સી જોતાં આ ઈસ્યુ પણ અનેક ગણો ભરાયાનો સીલસીલો બતાવે તેવી શક્યતા છે. આ ઈસ્યુ ૪ મેના રોજ બંધ થશે. રોકાણકારો હાલ પ્રાયમરી માર્કેટમાં જે રીતે લાઈનો લગાવીને ઈસ્યુ ભરી રહ્યા છે તે જોતાં ૧૯૯૨થી ૧૯૯૫ સુધી પ્રાયમરી માર્કેટમાં નવા ઈસ્યુઓનો રાફડો પ્રસતો જોવાયો હતો તેનું પુનરાવર્તન ફરીથી ચાલુ વર્ષે જોવા મળે તેવી વકી છે.

સૌથી મહત્ત્વની વાત એ છે કે, હાલમાં ઈસ્યુમાં ભરવા માટેનું મુખ્ય પ્રેરકબળ નાના રોકાણકારો માટે મીનીમમ અરજીમાં રૂા. ૧૫૦૦૦ આસપાસનું રોકાણ કરવાનું રહે છે. જેના પગલે માત્ર ૭થી ૧૦ દિવસમાં ખૂબ જ ઉંચું વળતર મળે છે. અને શાણા રોકાણકારો ઈસ્યુમાં શેરો લાગતાં લિસ્ટીંગ ટાંણે નફો કરીને ફરીથી નવા ઈસ્યુમાં ફંડ રોકવા માટે દોડી જતા હોય છે. આમ નાની મૂડીએ હાલમાં મળી રહેલા મોટા નફાએ નવા ઈસ્યુઓનું માર્કેટ ફૂલગુલાબી તેજીમાં પ્રસર્યું છે. ઈક્વિટાસ હોલ્ડીગના ઈસ્યુમાં માત્ર ૬ દિવસમાં રોકાણકારોને લિસ્ટીગના દિવસે ૧૪૫૦૦ આસપાસના રોકાણમાં ૨૫ ટકાનું રિટર્ન મળતાં ખુશ ખુશ થઈ ગયા હતા અને હવે ફરીથી ઈસ્યુઓમાં રોકાણમાં ઝંપલાવતાં નવા રોકાણકારો માટે પણ ના રહી જઈએ તેમ ડિમેટ ખાતાઓ ખોલવા ધસી રહ્યા છે. નવા ઈસ્યુઓની તેજીના પગલે બ્રોકર્સને પણ દલાલીનો મોટો ધંધો મળી રહ્યો છે. આમ પ્રાયમરી માર્કેટમાં નવા ઈસ્યુઓનું બજાર ધમધમી રહ્યું છે. અને તે સ્થિતિ જોતાં ફરી આ તકનો લાભ લેવા હવે નબળા ઈસ્યુઓ પણ વહેતી ગંગામાં હાથ જોવા આવી જશે ને કૃત્રિમ સટ્ટો કરી ઈસ્યુઓ ભાવની કબાડી ઓપરેટરોની ફરીથી મંડળી જામશે તેવી શક્યતા પણ બજારમાં ચર્ચાય છે.

## ગ્રે માર્કેટમાં પ્રીમીયમોમાં જોરદાર ઉછાળો

હાલમાં નવા ઈસ્યુઓના ગ્રે માર્કેટમાં શેરોના પ્રીમીયમનો અને કોષ્ટકના સોદા ધૂમ કામકાજે થઈ રહ્યા છે. થાયોકેરના ઈસ્યુને મળેલ જંગી સફળતાએ અને આ ઈસ્યુમાં ૭ કે ૮માંથી માત્ર ૧ને એલોટમેન્ટ મળશે તેવી ગણતરીએ ગ્રે માર્કેટમાં પ્રીમીયમ જે રૂા. ૨૦૦ આસપાસ બોલાતું હતું તે ઉછળીને ૨૪૦થી ૨૫૦ જેવું બોલાય છે. થાયોકેરનું લિસ્ટીંગ ૯ મે આસપાસ થવા વકી છે અને લિસ્ટીગમાં મોટું તોફાન જોવાય. જોકે, જાણકારો ઉંચા ભાવે નફો બુક કરવાનું જણાવી રહ્યા છે. આ શેરમાં એલોટમેન્ટ ટફ આવવાની શક્યતા પાછળ અરજીના કોષ્ટકના કામકાજ મર્યાદિત રહ્યા હતા.

હાલમાં ૨૯ એપ્રિલે મૂડીબજારમાં પ્રવેશેલા ઉજ્જિવન ફાઈનાન્સિયલ લી.ના ઈસ્યુમાં પણ રોકાણકારોની ભારે ફેન્સી જોવાઈ છે. આ ઈસ્યુ ૪ મેના રોજ બંધ થશે. ઈસ્યુ દરેક કેટેગરીમાં અનેકગણો ભરાવાની વકી છે. કંપની આર્થિક રીતે ખૂબ જ સધ્ધર છે. સ્મોલકેપ બેંકનું લાગસંસ પણ ધરાવે છે. હાલ આ ઈસ્યુના શેરનું પ્રીમીયમ ૨૧.૪૦ જેટલું હતું તે ઉછળીને ૨.૫૦ જેવું બોલાય છે. કોષ્ટકમાં અરજીદીઠ ૧૦૦૦થી ૧૧૦૦ના ભાવે મર્યાદિત કામકાજ થઈ રહ્યા છે. આ ઈસ્યુનું લિસ્ટીંગ પણ ઉંચા ભાવે થવા વકી છે. મધ્યમથી લાંબાગાળાના રોકાણકારોએ લિસ્ટીંગ ગેઈન્સનો એકવાર લાભ લઈ નીચામાં ફરીથી રોકાણ કરવાની તક ઝડપી લેવી. મધ્યમગાળે ઉંચો ભાવ બતાવી શકે.